સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# ગણેશજી અને શ્રીકૃષ્ણ : એક દિવ્ય સંબંધ

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

ભારતીય સનાતન પરંપરામાં ભગવાન ગણેશનું સ્થાન અત્યંત વિશિષ્ટ છે. કોઈપણ શુભ કાર્યનો પ્રારંભ ગણેશજીના સ્મરણથી થાય છે. તેઓ વિઘ્નહર્તા, બુદ્ધિદાતા અને મંગલમૂર્તિ તરીકે પૂજાય છે. પરંતુ ગણેશજીનું વ્યક્તિત્વ માત્ર વિઘ્નો દૂર કરનાર દેવતા પૂરતું મર્યાદિત નથી. તેમના સ્વરૂપમાં ભગવાન પ્રત્યેની નિષ્કપટ ભક્તિ, પ્રેમ, સમર્પણ અને શરણાગતિનો સુંદર સંદેશ પણ છુપાયેલો છે.
ણેશજી અને શ્રીકૃષ્ણ : એક દિવ્ય સંબંધ
ગણેશજીના શાપથી શ્રીકૃષ્ણ પર લાગ્યો હતો ખોટો કલંક! સનાતન ધર્મની કથાઓમાં ભગવાન ગણેશ અને શ્રીકૃષ્ણ બંનેનું વિશિષ્ટ સ્થાન છે. એક તરફ ગણેશજી વિઘ્નહર્તા, બુદ્ધિદાતા અને મંગલમૂર્તિ તરીકે પૂજાય છે, તો બીજી તરફ શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન તરીકે ભક્તોના હૃદયમાં બિરાજે છે. બંને દેવતાઓ સાથે જોડાયેલી એક રસપ્રદ કથા એવી છે, જે ગણેશ ચતુર્થીના દિવસે ચંદ્રદર્શન ન કરવાની પરંપરા અને શ્રીકૃષ્ણની સ્યમંતક મણિની કથા સાથે સંકળાયેલી છે.

કથા અનુસાર એક વખત ભગવાન ગણેશજી ખૂબ પ્રસન્નતાથી મોદક આરોગી રહ્યા હતા. પેટ ભરાઈ ગયા પછી તેઓ પોતાના વાહન મૂષક પર સવાર થઈને જઈ રહ્યા હતા. અચાનક મૂષકને કોઈ વસ્તુથી ભય લાગ્યો અને તે દોડવા લાગ્યો. તેના કારણે ગણેશજી નીચે પડી ગયા. આ દૃશ્ય જોઈને ચંદ્રદેવ હસી પડ્યા. પોતાના સૌંદર્યના અભિમાનમાં ચંદ્રદેવે ગણેશજીની મજાક કરી હતી.

ગણેશજીને આ વાત ગમી નહીં. તેમણે ચંદ્રદેવને શાપ આપ્યો કે જે કોઈ વ્યક્તિ ગણેશ ચતુર્થીના દિવસે ચંદ્રનું દર્શન કરશે તેના પર ખોટું કલંક આવી શકે છે. ચંદ્રદેવને પોતાની ભૂલ સમજાઈ. તેમણે ગણેશજીની ક્ષમા માગી અને તેમની સ્તુતિ કરી. ગણેશજી પ્રસન્ન થયા અને શાપને મર્યાદિત કર્યો. ત્યારથી ગણેશ ચતુર્થીના દિવસે ચંદ્રદર્શન ન કરવાની પરંપરા પ્રચલિત થઈ હોવાનું માનવામાં આવે છે પરંતુ આ કથાનો સૌથી રસપ્રદ ભાગ ત્યાર પછી આવે છે. આ શાપની અસર એક વખત સ્વયં શ્રીકૃષ્ણ પર પણ પડી હતી. દ્વારકામાં સત્રાજિત નામનો એક રાજા હતો. તેને સૂર્યદેવની ઉપાસનાથી અતિ મૂલ્યવાન અને દિવ્ય એવી સ્યમંતક મણિ પ્રાપ્ત થઈ હતી. એક દિવસ સત્રાજિતનો ભાઈ પ્રસેન આ મણિ ધારણ કરીને જંગલમાં શિકાર કરવા ગયો. ત્યાં એક સિંહે પ્રસેનને મારી નાખ્યો અને મણિ લઈ લીધી. ત્યારબાદ જાંબવાને તે સિંહને મારી નાખ્યો અને મણિ પોતાની ગુફામાં લઈ ગયા



પ્રસેન પાછો ન ફરતાં લોકોમાં શંકા ઊભી થઈ. કેટલાક લોકોએ એવો આક્ષેપ કર્યો કે સ્યમંતક મણિ મેળવવા માટે શ્રીકૃષ્ણે જ પ્રસેનની હત્યા કરી હશે. શ્રીકૃષ્ણ પર ખોટો આરોપ લાગ્યો.

ભગવાન શ્રીકૃષ્ણ જાણતા હતા કે આ આરોપ અસત્ય છે. પોતાની નિર્દોષતા સાબિત કરવા તેઓ પ્રસેનના પગેરા શોધતા જંગલમાં ગયા. તેમને પ્રસેન અને સિંહના મૃતદેહ મળ્યા. ત્યારબાદ પગેરું જાંબવાનની ગુફા સુધી પહોંચ્યું. શ્રીકૃષ્ણ અને જાંબવાન વચ્ચે ભયંકર યુદ્ધ થયું. લાંબા સમય સુધી યુદ્ધ ચાલ્યા પછી જાંબવાનને સમજાયું કે તેમની સામે કોઈ સામાન્ય મનુષ્ય નથી. તેમણે શ્રીકૃષ્ણમાં પોતાના આરાધ્ય ભગવાન શ્રીરામનું સ્વરૂપ ઓળખી લીધું. જાંબવાને શ્રીકૃષ્ણની ક્ષમા માગી અને સ્યમંતક મણિ તેમને અર્પણ કરી. પોતાની પુત્રી જાંબવતીનો વિવાહ પણ શ્રીકૃષ્ણ સાથે કર્યો. શ્રીકૃષ્ણ દ્વારકા પરત ફર્યા અને સૌની સામે સ્યમંતક મણિની સમગ્ર હકીકત જણાવીને પોતાનું નિર્દોષપણું સાબિત કર્યું. સત્રાજિતને પોતાની ભૂલનો અહેસાસ થયો. તેણે શ્રીકૃષ્ણ પાસે ક્ષમા માગી અને પોતાની પુત્રી સત્યભામાનો વિવાહ શ્રીકૃષ્ણ સાથે કર્યો. આ કથામાં સૌથી મહત્વનો આધ્યાત્મિક સંદેશ એ છે કે ભગવાન જેવા નિર્દોષ શ્રીકૃષ્ણને પણ ક્યારેક

> **ચંદ્રદેવને પોતાના સૌંદર્યનું અભિમાન હતું અને એ અભિમાનને કારણે તેમણે ગણેશજીની મજાક કરી**

ખોટા આરોપનો સામનો કરવો પડ્યો હતો. તેથી જીવનમાં આપણા પર ખોટા આક્ષેપ થાય ત્યારે તરત નિરાશ થવાની જરૂર નથી. સત્યને થોડો સમય લાગી શકે, પરંતુ અંતે સત્ય પ્રગટ થાય છે. ગણેશજીની કથા આપણને અહંકારથી દૂર રહેવાનું શીખવે છે. ચંદ્રદેવને પોતાના સૌંદર્યનું અભિમાન હતું અને એ અભિમાનને કારણે તેમણે ગણેશજીની મજાક કરી. બીજી તરફ શ્રીકૃષ્ણની કથા આપણને સત્ય, ધૈર્ય અને ધર્મના માર્ગ પર અડગ રહેવાનો સંદેશ આપે છે. ગણેશજી અને શ્રીકૃષ્ણની આ કથાઓ એકબીજા સાથે જોડાય છે ત્યારે એક સુંદર આધ્યાત્મિક વિચાર સામે આવે છે–દેવતાઓ વચ્ચે કોઈ સ્પર્ધા નથી; સનાતન પરંપરામાં દરેક દેવતા ભગવાનની દિવ્ય વ્યવસ્થાના અંગરૂપે ભક્તોને ધર્મ અને સદાચારનો માર્ગ બતાવે છે. ગણેશજીની પૂજા કરતી વખતે આપણે બુદ્ધિ, વિનમ્રતા અને વિઘ્નો દૂર કરવાની પ્રાર્થના કરીએ છીએ, જ્યારે શ્રીકૃષ્ણનું સ્મરણ આપણને પ્રેમ, સત્ય, કરુણા અને પૂર્ણ શરણાગતિ તરફ લઈ જાય છે. બંનેની કથાઓનું મનન કરીએ તો સમજાય છે કે સાચી ભક્તિ માત્ર વિધિપૂજા પૂરતી નથી. અહંકાર છોડવો, સત્યનો સાથ આપવો, ભગવાન પર વિશ્વાસ રાખવો અને દરેક પરિસ્થિતિમાં ધર્મના માર્ગે ચાલવું–એ જ ભક્તિનું સાચું સ્વરૂપ છે.

આથી ગણેશ ચતુર્થીના પાવન પર્વે ગણેશજીનું સ્મરણ કરતી વખતે શ્રીકૃષ્ણની સ્યમંતક મણિની કથાનું પણ સ્મરણ કરીએ. આ કથા આપણને યાદ અપાવે છે કે જીવનમાં ગમે તેટલા વિઘ્નો કે કલંક આવે, જો હૃદયમાં ભગવાન પ્રત્યે શ્રદ્ધા અને જીવનમાં સત્ય હોય તો અંતે વિજય ધર્મ અને સત્યનો જ થાય છે.

# શબ્દ ઓગાળી કૃષ્ણ મેળવો

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

બાઉલ મોહનદાસ કાંસામતી નદીના દક્ષિણ કાંઠે, દામદા ગામના સીમાડે રહે છે. તે વૈષ્ણવ સહજીયા બાઉલ છે. કૃષ્ણ જશોદાનાં ગીત અને કથા એવી સુમધુર રીતે કરે કે આપણી સામે દૃશ્ય ખડું થઈ જાય!

અમે તેના આશ્રમે ગયા ત્યારે એવું જ એક કથાનક તેમણે સંભળાવ્યું.

તે બોલ્યા કે કૃષ્ણ ગાયો લઈ અને વહેલી સવારે પહર ચારવા ગોસ્ઠીમાં ગયા હતા. સવારે છ વાગ્યે તો તે પણ આવી ગયા પરંતુ ખૂબ થાકેલા હતા. તેથી જશોદા માતાએ કહ્યું કે, ‘‘બેટા, ચાલ, તને આપણા ફળિયાની બહાર જે ઝરણાનું પાણી જાય છે, તેની સામે કાંઠે વડ નીચે ખાટલો ઢાળી દઉં, સૂઈ જા!’’

જશોદાજીના ફળિયાની પાસે પાણીનું ઘૂંટીબુડ વહેણ જતું હતું અને સામે કાંઠે વડલો હતો ત્યાં ખાટલો ઢાળી કૃષ્ણને સુવડાવી દીધા. ઊંઘી પણ ગયા! થોડી વારમાં તો ગોપીઓ આવી. જશોદાને પૂછ્યું, ‘‘મા! કાનો ક્યાં? અમે રમવા આવી છીએ!’’

માતાએ કહ્યું, ‘‘કાનો થાક્યો છે! પહર ચારવા ગયો હતો. આ વહેણની સામેના કાંઠે જે વડ છે, તેની નીચે સૂતો છે પણ તમે તેને જગાડશો નહીં, તાળીઓ પાડતી નહીં, કોઈ શબ્દ બોલતા નહીં ,બસ,



તેને જોઈ અને રમો!’’ ગોપીઓ બોલી, ‘‘માતાજી! અમે કંઈ નહીં બોલીએ, નહીં તાળીઓ પાડીએ પણ તમારી ઓસરીમાં પડેલા ઘૂઘરા પહેરીને તો જઈએ ને!’’ ઓસરીમાં રાસલીલાના ઘુઘરાઓની માળો પડેલી હતી! ચતુર ગોપીઓને એમ હતું કે ભોળી જશોદામાં ઘૂઘરા પહેરવાની જો હા પાડે, તો ત્યાં જઈ અને કાનુડાની ચોતરફ પગના ઘૂઘરાના અવાજથી તેને જગાડી દઈએ! પછી રમીએ! આઠ ગોપીઓના 16 ઘૂઘરાઓનો અવાજ કાનુડાને જગાડવા માટે પૂરતો થશે! ગોપીઓના આશ્ચર્ય વચ્ચે જશોદા માતાએ હા કહી. બધી ગોપી ઘૂઘરા બાંધી અને ઘમઘમ કરતી ચાલી! નદી વટી ગઈ, સૂતેલા કૃષ્ણને જોયો. ગોપીઓ નૃત્ય કરવા લાગી પરંતુ કૃષ્ણ જાગ્યો નહીં. ગોપીઓએ પગના ઘૂઘરાના, વધુ અવાજ નીકળે તે માટે વધુ જોરથી પગ હલાવવા લાગી! પરંતુ છતાં કૃષ્ણ જાગ્યો નહીં, શું કારણ છે?

સૌથી ચતુર એવી ગોપી ચંદ્રાવતી બોલી, ‘‘અરે થોભો! આપણા ઘૂઘરાઓમાંથી અવાજ જ નથી આવતો!’’

પછી રોકાઈને બોલી, ‘‘જુઓ! તો ખરા! નક્કી અંદર ઘુઘરામાં પાણી ભરાઈ ગયું હશે, થોડી વાર નીતરવા દો! પછી કદાચ અવાજ નીકળશે!’’

બધી ગોપીઓ ઘૂઘરામાંથી પાણી નીકળી જાય તે માટે પગ પછાડે છે, છતાં પણ ઘૂઘરાનો અવાજ નથી આવતો!

ત્યાં દૂરથી હસતાં હસતાં માતા જશોદા આવ્યાં. તે બોલ્યાં, ‘‘ગોપીઓ ઘૂઘરા ક્યાંથી વાગે? ઘૂઘરાની અંદર કાંકરા નહોતા પણ માટીની ગોળીઓ હતી! તે તમારા જળમાં જવાથી ઓગળી ગઈ! બેટા, કાના પાસે જવું હોય ને, તો ખુદ તો મૂંગાં રહેવું પડે પણ

> **ઓસરીમાં રાસલીલાના ઘુઘરાઓની માળો પડેલી હતી! ચતુર ગોપીઓને એમ હતું કે ભોળી જશોદામાં ઘૂઘરા પહેરવાની જો હા પાડે તો ત્યાં જઈ અને કાનુડાની ચોતરફ પગના ઘૂઘરાના અવાજથી તેને જગાડી દઈએ! પછી રમીએ! આઠ ગોપીઓના 16 ઘૂઘરાઓનો અવાજ કાનુડાને જગાડવા માટે પૂરતો થશે!**

ઘૂઘરાની કાંકરીને ઓગાળીને, ઘૂઘરાને પણ મૂંગા કરી દેવા પડે!’’

પછી આગળ બોલ્યા, ‘‘તમે ગમે તેટલા વાના કરો કાનાને જાગીને જ્યારે આવવું હોય ત્યારે જ આવે!’’

ગોપીઓ બધી યશોદા માતાની સામે તાકી રહી.

અમે મોહનદાસ સામે જોઈ રહ્યા જાણે કે તે કૃષ્ણના ઢોલિયા પાસે જ ઊભો હોય!